પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૪ | ૪ સપ્ટેમ્બર, ૨૦૨૧, શનિવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# યુએસમાં ઈડા તોફાનથી ભારે તબાહી


**મૃત્યુઆંક ૪૧ પર પહોંચ્યો : ન્યૂયોર્કના અનેક ઘરોમાં પાણી ફરી વળ્યાં, કારો તણાઈ ગઈ : ન્યુયોર્કમાં એફડીઆર ડ્રાઈવ અને બોક્સ રિવર પાર્ક સ્વિમિંગ પુલ બની ગયા, સબવે સ્ટેશનો અને રેલવેના પાટાઓ પર વરસાદનાં પાણી ફરી વળ્યાં**












ન્યુયોર્ક,તા.૩

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં આવેલા ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે, આ કુદરતી આફતના કારણે ૪૧ લોકોના મોત થઈ ગયા છે. પૂરના લીધે ઘણાં વાહનો ડૂબી ગયા અને ઘરોની અંદર પાણી ફરી વળ્યા છે. ન્યુયોર્ક શહેરના પોલીસ પ્રવક્તાએ જણાવ્યું કે એક બેઝમેન્ટમાં ફસાઈ જવાના કારણે ૮ લોકોના મોત થઈ ગયા છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે લોકોને સુરક્ષિત રહેવા અને ઘરની બહાર નહીં નીકળવા માટે જણાવવામાં આવ્યું છે. ન્યુયોર્કમાં સ્ટેટ ઈમર્જન્સી જાહેર કરાઈ છે. બુધવારે રાત્રે શહેરમાં ઈડા તોફાનના લીધે ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. ન્યુયોર્કના મેયર બિલ ડી બ્લાસિયોએ બુધવારે રાત્રે ન્યુયોર્ક શહેરમાં ઈમર્જન્સીની સ્થિતિની જાહેરાત કરીને કહ્યું, "આપણે આજે રાત્રે શહેરમાં રેકોર્ડબ્રેક વરસાદ, ભયંકર પૂર અને રસ્તાઓ પર ખતરનાક પરિસ્થિતિઓ સાથે એક ઐતિહાસિક હવામાન ઘટનાનો સામનો કરી રહ્યા છીએ." આ સાથે ગવર્નર હોચુલે પણ ન્યુયોર્ક પ્રાંત માટે સ્ટેટ ઈમર્જન્સીની સ્થિતિની

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૨૭૭ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ, તા.૩

વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણ અને વિદેશ ફંડોની લેવાલીથી સેન્સેક્સ ૨૭૭ પોઈન્ટ ચઢીને ૫૮,૧૯૪.૭૯ પર બંધ થયો. સેન્સેક્સે આજે ૫૮,૧૯૪.૭૯નો ઓલટાઈમ હાઈ સ્તર પણ સ્પર્શ્યો હતો. તો વળી નિફ્ટી ૫૦ ૮૯.૪૫ પોઈન્ટ ઉપર ૧૭,૩૨૩.૬૦ પર બંધ થયો. તેમે પણ આજે ૧૭,૩૪૦.૧૦ પોઈન્ટનો હાઈ બનાવ્યો.કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, કોટક મહિન્દ્રા બેક્ક અને આઈસીઆઈસીઆઈ બેક્કના શેરોમાં ઊછાળાના સહારે શુક્રવારે સેન્સેક્સે શરૂઆતના કારોબારમાં ૨૫૦ પોઈન્ટથી વધુ વૃધ્ધિ સાથે ૫૮,૦૦૦નો આંક પાર કરી લીધો હતો.

એજ રીતે વ્યાપક એનએસઈ નિફ્ટીએ પણ શરૂઆતના સત્રમાં ૧૭,૩૦૦નો આંકડો પાર કર્યો. શરૂઆતના સત્રમાં ૩૦ શેરોવાળો સેન્સેક્સ ૨૫૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકાની તેજી સાથે પોતાના અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તર ૫૮,૧૦૩.૨૯ પર કારોબાર કરી રહ્યો હતો અને નિફ્ટી ૬૭.૬૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૧૭,૩૦૧.૮૦ પર ચાલી રહ્યો હતો.

## ચીન દ્વારા તાલિબાનને આર્થિક મદદનું આશ્વાસન

**મુઝાહિદે કહ્યું હતું- અફઘાનિસ્તાનની ઈકોનોમી ઘણી જ ખરાબ હાલતમાં છે. અમારે દેશ ચલાવવા માટે ફંડ્સની જરૂરિયાત છે. હાલ અને શરૂઆતી તબક્કામાં અમે ચીનની મદદથી આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ**

કાબુલ, તા.૦૩

અમેરિકા ચીન પર ઝિંઝિયાંગમાં લોકલ મુસ્લિમ ઉઈગર વસતિ વિરુદ્ધ માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. ચીન પર આ સમુદાય પાસે બંધુઆ મજૂરી કરાવવાનો અને અનેક પ્રકારના પ્રતિબંધ લગાવવાનો આરોપ છે. ૨૦૦૦ના દશકાથી જ ETIMની જડ અફઘાનિસ્તાનમાં રહી છે. તેમને તાલિબાન તેમજ અલકાયદાનો સપોર્ટ રહ્યો છે.અફઘાનિસ્તાનમાં શાસન સંભાળવાની તૈયારી કરનાર તાલિબાને ફંડ્સને લઈને તેઓ ચીન પર નિર્ભર હોવાનું જણાવ્યું છે, કેમ કે ચીન તેમના સૌથી વિશ્વાસઆતંકી સંગઠનના કાશ્મીરમાં જેહાદવાળા નિવેદનની પાછળ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI તાલિબાન ચીનને વિશ્વાસ અપાવી ચૂક્યું છે કે તેઓ ઉઈગર મુસ્લિમોનાં કટ્ટરપંથી તત્ત્વને અંકુશમાં રાખશે. અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ ચીન વિરુદ્ધ નહીં કરવામાં આવે. જોકે તાલિબાને ભારત સહિત સમગ્ર દુનિયાને એવો

● અનુસંધાન પાન-૭ પર

## માંડવિયા ઓળખ બદલી સારવાર માટે પહોંચ્યા

**સ્વાસ્થ્ય મંત્રીએ દિલ્હીની હોસ્પિટલની મુલાકાત લીધી : હોસ્પિટલની વ્યવસ્થાથી પ્રભાવિત થયા, ત્યાર બાદ સારવાર કરનાર ડોક્ટરને બોલાવી મંત્રાલયમાં સન્માનિત કર્યા**




નવી દિલ્હી,તા.૩

કોરોના વાયરસ મહામારી વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા એક્શનમાં છે અને સતત અધિકારીઓની સાથે સમીક્ષા કરી રહ્યા છે. આ વચ્ચે સ્વાસ્થ્ય મંત્રી ૩૧ ઓગસ્ટની રાત્રે દિલ્હીની એક સરકારી હોસ્પિટલમાં ઓળખ બદલ્યા બાદ સારવાર કરાવવા પહોંચ્યા અને હોસ્પિટલની વ્યવસ્થાથી ઘણા પ્રભાવિત થયા છે. ત્યારબાદ તેમણે સારવાર કરનાર ડોક્ટરને બોલાવી મંત્રાલયમાં સન્માનિત કર્યા. મનસુખ માંડવિયાએ ટ્વિટ કરી કહ્યું, સીજીએચએસ સેવાની સિસ્ટમને ચકાસવા માટે હું એક સામાન્ય દર્દી બની દિલ્હીની એક ડિસ્પેન્સરીમાં ગયો. મને ખુશી છે કે ત્યાં કામ કરતા ડોક્ટર અરવિંદ કુમારજીની ડ્યૂટી પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા અને તેમની સેવાની ભાવના પ્રેરણાદાયી છે. પોતાના કાર્ય પ્રત્યે તેમના સમર્પણની હું પ્રશંસા કરું છું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સારવાર કરનાર ડોક્ટર અરવિંદ કુમારને બીજા દિવસે મંત્રાલયમાં બોલાવ્યા અને તેમનું સન્માન કર્યું. ડોક્ટરને લખેલા પત્રમાં સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, તમારી નમ્રતા, કુશળતા અને કામ પ્રત્યેનું સમર્પણ દેશભરના તમામ ડોકટરો માટે પ્રેરણા છે.

પત્રમાં સ્વાસ્થ્ય મંત્રીએ લખ્યું, જો દેશના તમામ સીજીએચએસ ડોકટરો, અન્ય ડોક્ટરો અને સ્વાસ્થ્ય કર્મચારીઓ તેમની પાસે આવતા દર્દીઓની સમાન સંવેદનશીલતા સાથે સારવાર કરે, તો આપણે સાથે મળીને પ્રધાનમંત્રી મોદીનું 'સ્વસ્થ ભારત'નું સ્વપ્ન પૂરું કરી શકીશું. ત્યારબાદ સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્વાસ્થ્ય મંત્રીઓ અને સ્વાસ્થ્ય સચિવો સાથે વાતચીત કરી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ ટીબીને નાબૂદ કરવા માટે કરવામાં આવી રહેલા મહત્વના કામમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી.

## રાષ્ટ્ર ગૌરવ : પેરાલિમ્પિકમાં દેશને વધુ ૩ ચંદ્રકો સાથે ૧૩ ચંદ્રકો

**પ્રવિણકુમારને હાઈજમ્પમાં સિલ્વર જ્યારે અવની લખવારાને શુટીંગમાં અને હરેન્દ્રસિંઘને તિરંદાજીમાં બ્રોન્ઝ મેડલ**




ટોક્યો,તા.૩

ભારતને પેરાલિમ્પિકમાં આજે વધુ ૩ ચંદ્રકો મળતા મેડલ ટેલી ૧૩ પર પહોંચ્યો છે. દેશના ઈતિહાસમાં પ્રથમ વખત પેરાલ્મિપિકમાં ૧૦થી વધુ ચંદ્રકો મેળવવાની ઘટના નોંધાઈ છે. આજે પ્રવિણકુમારને હાઈજમ્પમાં સિલ્વર મેડલ જ્યારે અવની લખવારાને અને હરેન્દ્રસિંહને અનુક્રમે શુટીંગ અને તિરંદાજીમાં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

ટોક્યો પેરાલિમ્પિકમાંથી ભારત માટે ખુશીના સમાચાર આવ્યા છે. ભારતની મહિલા શૂટર અવની લેખારાએ મહિલા ૫૦ મીટર રાઈફલ ૩ જીઉ૧ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે અવની એક જ પેરાલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે. મહત્વનું છે કે અવનીએ ૧૦ મીટર સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. પોતાની પ્રથમ પેરાલિમ્પિક રમી રહેલી ૧૯ વર્ષની અવનીએ ઈતિહાસ રચી દીધો છે. ભારતની મહિલા શૂટર અવની લેખારા આ પહેલા ૧૦ મીટરની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ત્યારબાદ હવે અવનીએ ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં ૪૪૫.૯ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. અવનીએ ૧૯ વર્ષની ઉંમરે ઈતિહાસ રચી દીધો છે. પેરાલિમ્પિકમાં આજે ભારતને બીજો મેડલ મળ્યો છે. આ પહેલા પ્રવીણ કુમારે હાઈ જમ્પમાં એશિયન રેકોર્ડ બનાવવાની સાથે સિલ્વર મેડલ જીત્યો છે. ભારતનું ટોક્યો પેરાલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન રહ્યું છે. ભારતને અત્યાર સુધી કુલ ૧૨ મેડલ મળ્યા છે. જેમાં ૨ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ સાથે ભારતે પેરાલિમ્પિકના ઈતિહાસમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

## કેરળ બાદ મુંબઈમાં પણ કોરોનાના કેસમાં વધારો

**દેશમાં કોરોનાની ત્રીજી લહેરના ભણકારા : મુંબઈમાં એક અઠવાડિયા કરતાં વધુ દિવસોથી નવા કેસનો ગ્રાફ સળંગ ઊંચો જઈ રહ્યો હોઈ રાજ્યમાં ચિંતા**

મુંબઈ, તા.૩

કેરળમાં વધતા કેસ કોરોનાની ત્રીજી લહેરના ભણકારાને વધારે તેજ બનાવી રહ્યા હતા, ત્યારે હવે મુંબઈમાં પણ કોરોનાના નવા કેસમાં વધારો થવાનું શરુ થઈ ગયું છે. અહીં એક અઠવાડિયા કરતા વધુ દિવસોથી નવા કેસનો ગ્રાફ સળંગ ઊંચો જઈ રહ્યો છે, જે ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસ ૪,૩૪૨ નોંધાયા છે, જેમાં પાછલા દિવસની સરખામણીએ ૧૧૪ કેસ ઘટ્યા છે. બીજી તરફ મુંબઈમાં બુધવારના ૪૧૫ નવા કેસની સરખામણીમાં ગુરુવારે કેસ વધીને ૪૪૦ પર પહોંચ્યા છે. આ સાથે બીએમસીના આંકડા પ્રમાણે મુંબઈમાં ગંભીર દર્દીઓની સંખ્યા ૨૯ ઓગસ્ટના રોજ ૩૯૦ હતી જે ૧ સપ્ટેમ્બરે ૫૧૩ પર પહોચી ગઈ છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૬ ઓગસ્ટના રોજ ૨,૭૩૬ હતી તે વધીને ૩,૧૮૭ પર પહોંચી ગઈ છે. આ સમય દરમિયાન હોમ કોરન્ટાઈન થયેલા લોકોની સંખ્યા ૪૩,૧૯૨થી વધીને ૫૨,૫૨૯ થઈ ગઈ છે.

એડિશનલ મ્યુનિસિપલ કમિશનર સુરેશ કકાણીએ જણાવ્યું છે કે, કેસમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ આના પરથી એ ના કહી શકાય કે આ ત્રીજી લહેર છે. અમે આગામી દિવસો દરમિયાન નવા કેસમાં થઈ રહેલા વધારાના ટ્રેન્ડ પર નજર રાખીશું. બીજી તરફ રાજ્યમાં કોરોનાથી થયેલા મૃત્યુનો આંક ઘટ્યો છે. બુધવારે ૧૮૩ મૃત્યુ નોંધાયા હતા જ્યારે ગુરુવારે તે ૫૫ પર પહોંચ્યા છે. અહીં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૬૪.૭૩ લાખ થઈ ગઈ છે અને મૃત્યુઆંક ૧,૩૭,૫૫૧ પર પહોંચ્યો છે. મુંબઈમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૭.૪૫ લાખ પર પહોંચી છે અને મૃત્યુઆંક ૧૫,૯૮૪ થઈ ગયો છે.

### દુઃખદ અવસાન



સ્વ.શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ
પરિવારના હૃદયસ્થ
**ધ્રુવ કિરીટભાઈ પટેલ (હાલ-USA)**
તા.૩૦-૦૮-૨૦૨૧ને સોમવારના રોજ
અક્ષરનિવાસી થયેલ છે.
પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સદ્દગતના
દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના

**શોકાતુર પરિવાર**

| | |
|---|---|
| સ્વ. સતીશભાઈ બાબુભાઈ પટેલ (કાકા) | કિરીટભાઈ બાબુભાઈ પટેલ (પિતા) (USA) |
| ગિરાબેન સતીશભાઈ પટેલ (કાકી) | પરાગબેન કિરીટભાઈ પટેલ (માતા) (USA) |
| મેહુલભાઈ સતીશભાઈ પટેલ (ભાઈ) | નાયા ધ્રુવભાઈ પટેલ (પુત્રી) (USA) |
| પુનિતાબેન મેહુલભાઈ પટેલ (ભાભી) | હેતલભાઈ અરૂણભાઈ શાહ (બનેવી) (USA) |
| મયુરભાઈ સતીશભાઈ પટેલ (ભાઈ) | ધ્રુમાબેન હેતલભાઈ શાહ (બેન) (USA) |
| કોમલબેન મયુરભાઈ પટેલ (ભાભી) | કેયા શાહ (ભાણી) (USA) |
| મહર્ષિભાઈ રાજીવભાઈ પટેલ (જમાઈ) | કરીના શાહ (ભાણી) (USA) |
| ગ્રિષ્મીબેન મહર્ષિભાઈ પટેલ (ભત્રીજી) | |
| કલ્હાર મયુરભાઈ પટેલ (ભત્રીજા) | |
| રોહિન મયુરભાઈ પટેલ (ભત્રીજા) | |

"બાલી", પ્લોટ નં.૨૬,
સેક્ટર-૧૯, ગાંધીનગર (ગુજરાત)
પીન-૩૮૨૦૨૧. મો.૯૮૨૪૦ ૩૬૨૬૬

17115 Bollinger Canyon Rd,
Apt # A452 San Ramon,
CA 94582, M. 001 847 989 3456

**ડોક્ટર અને ઓફીસ માટે તૈયાર જગ્યા વેચાણ આપવાની છે**

પ્લોટ નં. ૩૨૮-૩૨૯, પહેલા માળે, સેક્ટર-૧૬માં ૧૨૦૮ સ્કવેર ફુટ જગ્યા પાર્ટીશન અને ફર્નીચર સાથે વેચાણથી આપવાની છે.

સંપર્ક : ૯૮૨૫૫૮૩૮૯૮

**વાછાણી હોસ્પિટલ**

NABH Certified (Entry Level) PRE ACCREDITED

'૦'-'૦' એરર ટેક્નોલોજી

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.

સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી

૨૪ કલાક તાત્કાલિક સારવાર

કેશલેસ સુવિધા ઉપલબ્ધ

• વધુ માહિતી માટે સંપર્ક કરો •
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫

૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧